પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૬ • અંક : ૧૯ • કુલ પાના : ૪ • તારીખ : ૧૨-૦૯-૨૦૨૨ સોમવાર • કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન સમિટમાં જિનપિંગ-શાહબાઝ શરીફ સાથે વડાપ્રધાન મોદીની મુલાકાત થશે







નવીદિલ્હી,

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન (એસસીઓ) સમિટની તૈયારીઓ પૂર્ણ કરી લીધી છે. ઉઝબેકિસ્તાનના સમરકંદમાં યોજાનારી આ બે દિવસીય સમિટમાં તમામ સભ્ય દેશોના રાષ્ટ્રાધ્યક્ષો હાજરી આપશે. વર્ષ ૨૦૧૯ (જૂન) પછી આ પ્રથમ સામ-સામે ઉપસ્થિત રહેવા સાથેની કોન્ફરન્સ હશે. ૨૦૧૯માં, એસસીઓ સમિટ ૧૩ અને ૧૪ જૂનના રોજ કિર્ગિસ્તાનના બિશ્કેકમાં યોજાઈ હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર વડાપ્રધાન ૧૪ સપ્ટેમ્બરે સમરકંદ પહોંચે, અને ૧૬ સપ્ટેમ્બરે ભારત પરત ફરે તેવી શક્યતા છે.

અહેવાલ મુજબ સમિટમાં ભારતની હાજરી અત્યંત મહત્વપૂર્ણ છે. આ એટલા માટે છે કારણ કે સમરકંદમાં આ સમિટના અંતે ભારત એસસીઓનું રોટેશનલ પ્રેસિડન્સી સંભાળશે. દિલ્હી સપ્ટેમ્બર ૨૦૨૩ સુધી આખા વર્ષ માટે આ જૂથની અધ્યક્ષતા કરશે. આ જ કારણ છે કે ભારત આવતા વર્ષે એસસીઓ સમિટનું આયોજન કરશે, જેમાં રશિયા, ચીન અને પાકિસ્તાનના નેતાઓ સામેલ થશે. એસસીઓ સમિટની બાજુમાં, ભારત કોઈપણ અન્ય સભ્ય દેશ સાથે દ્વિપક્ષીય બેઠક કરે તેવી પણ શક્યતા છે.

પીએમ મોદી ઉપરાંત રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન, ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ, પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફ અને ઈરાનના રાષ્ટ્રપતિ ઈબ્રાહિમ રાયસી આ સમિટમાં ભાગ લેશે. જો કે દ્વિપક્ષીય બેઠક અંગે હજુ સુધી કોઈ સત્તાવાર નિવેદન બહાર આવ્યું નથી. સૂત્રોના જણાવ્યા અનુસાર સમિટ માટે તમામ સભ્ય દેશોના ટોચના નેતાઓ એક જ બેઠક ખંડમાં હાજર રહીને મળે તેવી શક્યતા છે. નોંધપાત્ર રીતે, પીએમ મોદીની ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ સાથે છેલ્લી દ્વિપક્ષીય બેઠક ૨૦૧૯ (નવેમ્બર) માં બ્રાઝિલમાં આયોજિત બ્રિક્સ સમિટ દરમિયાન થઈ હતી.

સૂત્રોએ જણાવ્યું કે પીએમ મોદી રશિયાના રાષ્ટ્રપતિ પુતિન અને ઈરાનના રાષ્ટ્રપતિ રાયસી સાથે દ્વિપક્ષીય બેઠક કરે તેવી શક્યતા છે. જ્યારે, પાકિસ્તાનના પીએમ શરીફની વાત કરીએ તો, પીએમ મોદી સાથેની તેમની મુલાકાતને લઈને હજુ સુધી કોઈ સત્તાવાર નિવેદન બહાર આવ્યું નથી. સૂત્રોએ જણાવ્યું હતું કે યુક્રેન પર રશિયન આક્રમણને કારણે ઉભી થયેલી ભૌગોલિક રાજકીય પરિસ્થિતિ અને વિશ્વ પર તેની ખરાબ અસરો પર આ બેઠકમાં ચર્ચા થવાની સંભાવના છે. આ સિવાય તાલિબાનના કબજા બાદ અફઘાનિસ્તાનની વર્તમાન સ્થિતિ પર પણ ચર્ચા થઈ શકે છે. કારણ કે ઘણા SCO સભ્ય દેશો અફઘાનિસ્તાનના પડોશી છે.

## વડાપ્રધાન મોદીએ બ્રિટનના વડાપ્રધાનને ફોન કરી રાણીના નિધન પર શોક વ્યક્ત કર્યો





નવીદિલ્હી,

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બ્રિટનના નવનિયુક્ત વડા પ્રધાન લિઝ ટ્રસ સાથે ફોન પર વાત કરી હતી અને રાણી એલિઝાબેથ દ્વિતીયના નિધન પર શોક વ્યક્ત કર્યો હતો. એક સરકારી અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે કે, ભારતના લોકો વતી વડાપ્રધાન મોદીએ રાણી એલિઝાબેથ દ્વિતીયના દુઃખદ અવસાન પર શાહી પરિવાર અને બ્રિટનના લોકો પ્રત્યે ઊંડી સંવેદના વ્યક્ત કરી છે. પીએમ મોદીએ પણ લિઝ ટ્રસને યુકેના વડાપ્રધાન તરીકેનો કાર્યભાર સંભાળવા બદલ અભિનંદન પાઠવ્યા હતા. તેમણે વેપાર સચિવ અને વિદેશ સચિવ તરીકેની તેમની અગાઉની ભૂમિકાઓમાં ભારત-યુકે દ્વિપક્ષીય સંબંધોમાં લિઝ ટ્રસના યોગદાનની પણ પ્રશંસા કરી હતી. બંને નેતાઓએ ભારત અને યુકે વચ્ચે વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારીને વધુ મજબૂત કરવા અંગે વાત કરી હતી. બંને નેતાઓએ રોડમેપ ૨૦૩૦ના અમલીકરણમાં પ્રગતિ, FTA વાટાઘાટો, સંરક્ષણ અને સુરક્ષા સહયોગ અને બંને દેશો વચ્ચે દ્વિપક્ષીય હિતના વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરી હતી.

બાલમોરલ કેસલમાં રાણીનું અવસાન થયું નોંધપાત્ર રીતે, બ્રિટનની રાણી એલિઝાબેથ-૨નું ગુરુવારે સ્કોટલેન્ડના બાલમોરલ કેસલમાં નિધન થયું હતું. રાણી એલિઝાબેથ-૨ એ ૯૬ વર્ષની વયે અંતિમ શ્વાસ લીધા. તેમના અંતિમ સંસ્કાર ૧૯ સપ્ટેમ્બરે કરવામાં આવશે. આ દરમિયાન બ્રિટનમાં રાષ્ટ્રીય શોક ચાલુ રહેશે. રાણી એલિઝાબેથના અવસાન બાદ તેમના મોટા પુત્ર ચાર્લ્સ ત્રીજાને આજે બ્રિટનના નવા રાજા જાહેર કરવામાં આવ્યા છે.

પીએમ મોદીએ શોક વ્યક્ત કર્યો ગુરુવારે પણ પીએમ મોદીએ ટ્વિટ કરીને રાણીના નિધન પર શોક વ્યક્ત કર્યો હતો અને તેમના પ્રેરણાદાયી નેતૃત્વની પ્રશંસા કરી હતી. વડા પ્રધાને ૨૦૧૫ અને ૨૦૧૮ માં બ્રિટનની તેમની મુલાકાતો દરમિયાન રાણી એલિઝાબેથ-II સાથેની તેમની મુલાકાતોને યાદ કરવા માટે ટ્વિટર પર લીધો હતો. પીએમ મોદીએ ટ્વિટ કર્યું હતું કે, “હું તેમની હૂંફ અને દયાને ક્યારેય ભૂલીશ નહીં. એક મીટિંગ દરમિયાન, તેમણે મને તે રૂમાલ બતાવ્યો જે મહાત્મા ગાંધીએ તેમના લગ્નમાં તેમને ભેટમાં આપ્યો હતો. હું તે યાદોને હંમેશા યાદ રાખીશ.

## કેજરીવાલ સરકારને વધુ એક ફટકો, એલજીએ લો ફ્લોર બસ ખરીદી કેસમાં CBI તપાસને મંજૂરી આપી



નવીદિલ્હી,

દિલ્હીના લેફ્ટનન્ટ ગવર્નર વિનય કુમાર સક્સેનાએ દિલ્હી ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન દ્વારા ૧,૦૦૦ લો-ફ્લોર બસોની ખરીદીમાં કથિત ભ્રષ્ટાચાર સંબંધિત ફરિયાદ CBIને મોકલવા માટે મુખ્ય સચિવ નરેશ કુમારના પ્રસ્તાવને મંજૂરી આપી દીધી છે. સત્તાવાર નિવેદન અનુસાર, એલજી સચિવાલય કાર્યાલયને આ મામલે ફરિયાદ મળી હતી. હાલમાં જ સીબીઆઈએ દિલ્હીના નાયબ મુખ્યમંત્રી મનીષ સિસોદિયાના ઘર અને તેમના અન્ય સ્થળો પર સર્ચ કર્યું હતું.

જે બાદ બંને પક્ષો એકબીજા પર ભ્રષ્ટાચારના આરોપો લગાવી રહ્યા છે. ભાજપ દિલ્હી સરકાર પર માત્ર દારૂની નીતિમાં જ નહીં પરંતુ શિક્ષણના ક્ષેત્રમાં પણ ભ્રષ્ટાચારનો આરોપ લગાવી રહી છે.

ગયા મહિને મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે આરોપ લગાવ્યો હતો કે ભાજપ દિલ્હીમાં ચૂંટાયેલી સરકારને તોડી પાડવાનો પ્રયાસ કરી રહી છે. કેજરીવાલે એવો પણ દાવો કર્યો હતો કે ભાજપે તેમના ધારાસભ્યોને ખરીદવા માટે ૮૦૦ કરોડ રૂપિયા ફાળવ્યા છે. કેજરીવાલે વિધાનસભામાં ફ્લોર ટેસ્ટ કરાવ્યો હોવા છતાં, કેજરીવાલે કહ્યું કે તે એક સંદેશ છે કે સરકારને તોડી પાડવાનો પ્રયાસ નિષ્ફળ ગયો છે.

## મધ્યપ્રદેશ : ગણેશ વિસર્જન દરમિયાન ડીજેના અવાજના મુદ્દે વિવાદ સર્જાયો

ભોપાલ,

મધ્યપ્રદેશના રાયસેન જિલ્લામાં ઉદયપુરા કસ્બામાં ગણેશ વિસર્જન દરમિયાન બે સમુદાય વચ્ચે ડીજેનો અવાજ ઓછો કરવાને લઈને વિવાદ થઈ ગયો. આરોપ છે કે અન્ય સમુદાયની એક મહિલાએ ભગવાન ગણેશની મૂર્તિ પર ગરમ પાણી અને ચપ્પલ ફેંક્યુ. જે બાદ બંને પક્ષ સામ-સામે આવી ગયા. આ અથડામણમાં અમુક દુકાનો અને વાહનોમાં તોડફોડ કરવામાં આવી. ઘટનાથી નારાજ એક પક્ષના લોકોએ પોલીસ સ્ટેશનમાં ઘેરાવ કરીને ખૂબ સૂત્રોચ્ચાર કર્યા. જે બાદ પોલીસને ભીડને દૂર કરવા માટે સામાન્ય બળનો ઉપયોગ કરવો પડ્યો.

રાયસેન કલેક્ટર અરવિંદ દુબે અને એસપી વિકાસ શાહવાલ ઘટના બાદ ઉદયપુરા પહોંચી ગયા. અહીં કાયદો વ્યવસ્થા જાળવી રાખવા માટે ઉદયપુરાની આસપાસના પાંચ સ્ટેશન સહિત જિલ્લા મુખ્યાલયથી મોટી સંખ્યામાં પોલીસ ઘટના સ્થળે તૈનાત કરવામાં આવી છે.

રાયસેન જિલ્લાના ઉદયપુરામાં કોલીપુરા મોહલ્લામાં ગણેશ વિસર્જન માટે એક ઝાંખીનુ જુલૂસ કાઢવામાં આવી રહ્યુ હતુ. આ દરમિયાન જ્યારે ઝાંખી એક વર્ગના ઘરની સામે પહોંચી તો ત્યાં હાજર લોકોએ ડીજેનો અવાજ ઓછો કરવા માટે કહ્યુ, આયોજન સમિતિના લોકોનો આરોપ છે કે જ્યારે ઝુલૂસ આ ઘરની સામેથી નીકળી રહ્યુ હતુ તો ત્યારે કોઈએ ગણેશજીની મૂર્તિ પર ગરમ પાણી અને ચપ્પલ ફેંક્યુ. જે બાદ વાતાવરણ ગરમાયુ. આ ઘટનાથી રોષે ભરાયેલા લોકોએ સ્ટેશનનો ઘેરાવો કરતા બે ડઝનથી વધારે વાહનોમાં તોડફોડ અને આગચંપી કરી દીધી.



# બોર પ્રાથમિક શાળાના ૪૫ વર્ષ પુરા થતાં ઉજવણી કરાઈ


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર,
ઓરા પ્રાથમિક શાળાના ૪૫માં જન્મદિવસ નિમિત્તે આરોગ્ય રાજયમંત્રીએ મધુર કંઠે બાળકોને માતા પિતા ગુરૂજનોનો આભાર વ્યકત કરતું ગીત થેંક્યું વેરી મચ ગવડાવ્યું.

મહિસાગર જિલ્લાના સંતરામપુર તાલુકાની ઓરા પ્રાથમિક શાળામાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી શાળાના ૪૫માં જન્મદિવસની ઉજવણી કરવામાં આવી. આ કાર્યક્રમમાં ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ રાજયમંત્રી નિમિષાબેન સુથાર, પંચમહાલ સાંસદ રતનસિંહજી રાઠોડ, મહીસાગર ભારતીય જનતા પાર્ટીના પ્રમુખ દશરથભાઈ બારીયા રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘના અધ્યક્ષ હસમુખભાઈ પટેલ તાલુકા અને જિલ્લા પંચાયતના સદસ્યઓ ગામના પ્રથમ નાગરિક સરપંચ, એસએમસીના અધ્યક્ષ તથા માજી સૈનિક અને માજી સરપંચ જવરાભાઈ ખાસ ઉપસ્થિત રહ્યા. શાળા સ્થાપના દિન નિમિત્તે શાળાના બાળકો અને મંચસ્થ મહાનુભાવોએ કેક કાપી જન્મદિનની ઉજવણી કરી. શાળા જન્મદિવસના આ પ્રસંગે આરોગ્ય રાજ્યમંત્રીએ સુમધુર કંઠે બાળકોને માતા પિતા ગુરૂજનોનો આભાર વ્યકત કરતું ગીત થેંક્યું વેરી મચ ગવડાવ્યું હતું. જેને ઉપસ્થિત સૌએ વધાવ્યું હતું. આ કાર્યક્રમમાં શાળાના શિક્ષક અશોકભાઈ કાંતિભાઈ પટેલ તથા બિંદુબેન મંગુભાઈ પટેલે શાળાના ૧૮૦ જેટલા બાળકોને ગણવેશ-બુટ તથા ગામના તમામ વાલીઓ અને બાળકો તથા આમંત્રિત મહેમાનોને ભોજન પ્રસાદ કરાવ્યો હતો. ઉપસ્થિત મહાનુભાવો દ્વારા ઓરા પ્રાથમિક શાળાના બાળકો ઉત્તરો ઉત્તર પ્રગતિ કરે અને શાળાનું ગૌરવ ગામનું ગૌરવ વધે તેવી શુભકામનાઓ પાઠવવામાં આવી હતી.

# ગોધરામાં અરિહંત મહિલા ગૃપ દ્વારા નવરાત્રિને લઈ પ્રદર્શનનું આયોજન કરાયું



ગોધરા,
મહિલાઓ ખાસ વેપાર ક્ષેત્રે ઉતરોતર પ્રગતિ પ્રગતિ કરે અને આત્મનિર્ભર બની સ્વરોજગારી પ્રાપ્ત કરે તે હેતુ થી ગોધરાના અરિહંત ગૃપના લીડર મહિલા રીના શાહ દવારા નવરાત્રિના તહેવારને ધ્યાનમાં લઈ આશરે ૧૫ થી વધુ મહિલાઓને પોતાની સાથે જોડી ખાસ એક્ઝિબ્યૂશનનું આયોજન કર્યું હતું.

અરિહંત ગૃપ ખાસ કરીને મહિલાઓ દ્વારા મહિલાઓ થકી અને મહિલાઓ માટે ચાલતું ગોધરા શહેરનું નામચીન ગૃપ બની ચૂક્યું છે. જ્યારે પણ વાત આવે મહિલાઓની અને તેમના અધિકારોની ત્યારે સૌ પ્રથમ અરિહંત ગૃપ જ મોખરે હોય છે.

ઘરે ઘરે જુદા જુદા પ્રકારના વેપાર એટલે કે પાર્લર, જ્વેલરી, ચાણીયાચોલી, મેકઅપ, વેસ્ટર્ન વિયર વગેરે જેવા વેપાર કરતી મહિલાઓ નો વેપાર વધુ ને વધુ વિકસે અને તેમને પોતાનો વેપાર વિકસાવવાની પ્રેરણા મળે તે હેતુ થી રીનાબેન દ્વારા પોતાના જ ખાલી પડેલા ઘરને હોલમાં ફેરવી દઈને ખાસ એક્ઝિબ્યૂશનનું આયોજન કર્યું હતું. જેમાં ગોધરા શહેર તથા તેની આસપાસના ગામની એવી મહિલાઓ કે જેઓ આજ સુધી પોતાના ઘરે થી વેપાર કરતી હતી. તેઓને વિના મૂલ્યે પ્લેટફોર્મ મળે તે હેતુથી કોઈ પણ પ્રકારના ચાર્જ વગર સ્ટોલ લગાવી તેમના વેપારને સરળતા થી પ્રદર્શિત કરી શકે તે રીતનું આયોજન કર્યું હતું.

એક્ઝિબ્યૂશનમાં ખાસ કરીને પિંકી પાઠક કે જેઓ ચાણીયા ચોલીના ડિઝાઈનર છે. ખાસ આકર્ષણ જમાવ્યું હતું, આ ઉપરાંત દર્શના દલવાડી છેલ્લા ૨ વર્ષ થી પોતાના ઘરેથી જ જ્વેલરી ડિઝાઈનીંગ અને મેન્યુફેકચરીંગનું કામ કરતા હતા. પહેલી વખત કોઈ એક્ઝિબ્યૂશનમાં જોડાયા હતા. આ એક્ઝિબ્યૂશનના લીધે તેઓને વેપાર કરવાની ઘણી પ્રેરણા મળી હતી અને ૨ દિવસના કાર્યક્રમમાં ખૂબ સારો વેપાર પણ કર્યો હતો. આ ઉપરાંત એક્ઝિબ્યૂશનમાં પાર્લર, વેસ્ટર્ન વિયર, બ્યુટી પ્રોડક્ટ્સ તથા ઘણા અવનવીન સ્ટોલસ લગાવામાં આવેલ હતા.

૨ દિવસ માટે આયોજિત આ એક્ઝિબ્યૂશન માં ગોધરા શહેર ની આસરે ૨૦૦૦ થી વધુ મહિલાઓ એ પોતાના અને પોતાના પરિવાર માટે નવરાત્રિ ના તહેવારને લગતી ખરીદી કરી હતી. ગોધરા શહેરમાં નવરાત્રિને ધ્યાને લઈ મહિલાઓ દ્વારા શરૂ કરેલા એક્ઝિબ્યૂશન એ સમગ્ર ગોધરા માં આકર્ષણનું કેન્દ્ર બનાવ્યું છે. ફક્ત ગોધરા જ નહીં પરંતુ ગોધરાના આજુબાજુના ગામો માંથી પણ ઘણી મોટી સંખ્યામાં લોકો ખરીદી માટે એક્ઝિબ્યૂશન ની મુલાકાત લીધી હતી.

# જિલ્લા સેવાસદન ગોધરા ખાતે કલેક્ટર સુજલ મયાત્રાની અધ્યક્ષતામાં ઉજવણીના સુચારા આયોજન અંગે યોજાઈ બેઠક



ગોધરા,
૩૬મી નેશનલ ગેમ્સના કરાયેલા આયોજનના ભાગરૂપે જિલ્લા કક્ષાએ નેશનલ ગેમ્સ અંગે હાથ ધરાયેલા જાગૃતિ અભિયાનના ભાગરૂપે પંચમહાલ જિલ્લામાં ૧૨મી સપ્ટેમ્બરથી તા.૧૬ મી સપ્ટેમ્બર,૨૦૨૨ સુધી પંચમહાલ જિલ્લાની કુલ ૧૮૪૩ શાળાઓ જેમાં ૧૫૨૫ પ્રાથમિક શાળાઓ અને ૩૧૮ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ તથા ૩૪ કોલેજોમાં વિવિધ રમતોના આયોજન અને જાગૃતિ અભિયાન અંતર્ગત કેમ્પેઈન યોજાશે.

જિલ્લામાં આગામી ૧૨ સપ્ટેમ્બરના રોજ સવારે ૯.૩૦ વાગ્યે શેઠ પી ટી આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ ખાતે જિલ્લા કક્ષાનો કોલેજ/યુનિવર્સિટી ગેમ્સ, ૧૩ સપ્ટેમ્બરના રોજ એમ.એમ ગાંધી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ કાલોલ, સરકારી વિનયન આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ મોરવા હડફ અને એમ એન્ડ વી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ હાલોલ ખાતે વિવિધ રમતોનું આયોજન તથા જાગૃતિ અભિયાન હાથ ધરવામાં આવશે.

પંચમહાલ જિલ્લા કલેકટર સુજલ માયાત્રાએ ખાસ અનુરોધ કર્યો છે કે, ઉકત દિવસો દરમિયાન જિલ્લા-તાલુકા અને શાળા કક્ષાએ યોજાનારા વિવિધ કાર્યક્રમોમાં ગોધરા શહેરવાસીઓ ઉપરાંત પંચમહાલ જિલ્લાવાસીઓ, આગેવાનો, સરપંચઓ/પૂર્વ સરપંચઓ, સામાજિક કાર્યકર્તાઓ, બહેનો સહિત બહોળી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહીને તેનો લાભ લેવા જિલ્લા વહિવટીતંત્ર તરફથી જાહેર આમંત્રણ પાઠવી ઉપસ્થિત રહેવા અનુરોધ કર્યો છે.

# રાજગઠ PSI આર.આર. ગોહિલની પંચમહાલ SOG માં બદલી કરવામાં આવતા ભવ્ય વિદાય સમારંભ યોજાયો


તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ઘોઘંબા,
ઘોઘંબાના ઈતિહાસમાં પુષ્પ માર્ગ ઉપર પ્રસ્થાન કરાવી પુષ્પવર્ષા સાથે વિદાય આપવાનો આ પ્રથમ બનાવ છે. પોલીસ સ્ટેશનનું કામ લઈને ગયેલા નાગરિકને મિત્રની જેમ વર્તન કરી કામને પાર પાડતા અને પ્રજાને પોલીસ મિત્ર બનાવી ઘોઘંબા તાલુકામાં ગુનાખોરી બનાવવામાં નોંધપાત્ર ઘટાડો કર્યો હતો.

ઘોઘંબા તાલુકાના રાજગઢ પોલીસ સ્ટેશનના PSI આર. આ ગોહિલ છેલ્લા ત્રણ વર્ષથી રાજગઢ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા ભાગની ચુંટણીઓ તેમજ વહીવટના ભાગરૂપે તેઓને પંચમહાલ SOG માં બદલી કરવામાં આવી છે. ત્યારે આજ રોજ પોલીસ સ્ટેશનના સ્ટાફ દ્વારા તેમનું ભવ્ય વિદાય સમારંભ યોજાયો હતો. જેમાં પોલીસ સ્ટેશનના સ્ટાફ સાથે પરિવારની જેમ રહી તેમને માર્ગદર્શન આપનારા PSI ને યાદગાર ભેટ રૂપે રડતી આંખે ભવ્ય વિદાય આપી હતી. ઓફિસથી લઈ પોલીસ સ્ટેશનના ગેટ સુધી ગુલાબના ફૂલો પાથરી રસ્તો બનાવ્યો હતો અને પુષ્પ માર્ગ ઉપર ચાલતા તેમના ઉપર પુષ્પ વર્ષા કરી હતી. DJ સાથે PSIને તેમના ઘર સુધી વડાવ્યા હતા. રાજગઢ પોલીસ સ્ટેશનના પુરૂષ તથા મહિલા કર્મચારીએ ટીમલી તેમજ હિન્દી ગીતો ઉપર ડાન્સ કરી ઘર સુધી પહોંચ્યા હતા. સ્ટાફ તથા ગ્રામજનોનો પ્રેમ મેળવી ભવ્ય વિદાય સમારંભ જોઈ સ્ટાફ તથા PSI ભાવુક બન્યા હતા.

આર.આર.ગોહિલના ત્રણ વર્ષ કાર્યકાળ દરમિયાન તેમને પ્રજાલક્ષી સેવા કાર્યો કર્યા છે. જેમાં નવરાત્રી મહોત્સવ, પત્રકરો સાથે મળીને સમાજ જાગૃતિ માટે દીકરી વાલનો દરીયો કાર્યક્રમ તેમજ કોરોના કાળ દરમિયાન પણ અનેક સેવાભાવી પ્રશંસનીય કામગીરી બજાવી હતી.

પોલીસ પ્રજાનો મિત્ર છે તે સૂત્ર PSI સાર્થક કરી બતાવ્યું છે પ્રજાની સાથે સંપર્કમાં રહી પોકસો, ગૌવંશની હેરાફેરી, નશાકોરી, પ્રોહિબિશન, તથા હત્યાના ગુના ઉકેલવા તેમજ તેના આરોપીઓને પકડવામાં સફળતા મેળવી હતી ત્રણ વર્ષ દરમિયાન ગુનાખોરીના બનાવવામાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે અત્રે ઉલ્લેખનીય છે કે પીએસઆઈ નો આ ભવ્ય વિદાય સમારંભ પોલીસ કર્મચારી ઓએ યાદગાર બનાવ્યો હતો ઘોઘંબા નગરજનો એ PSI વિદાયને લઈ રહ્યા હોવાની વાત જાણતા તેમને મળવા દોડી આવ્યા હતા.

# ઝાલોદ તાલુકાના મુંડાહેડા વર્ગ પ્રાથમિક શાળાના શિક્ષકનું 'સાઉથ એશિયા ટીચર્સ એક્સલન્સ' એવોર્ડ થી સન્માન



ઝાલોદ,
ગોપાલ કિરણ સમાજ સેવી સંસ્થા ગ્વાલિયર દ્વારા તા ૦૪-૦૯-૨૦૨૨ ના રોજ ઉત્તર પ્રદેશના લખનૌ ખાતે રાષ્ટ્રીય કક્ષાનો શિક્ષક સન્માન સમારોહ યોજાયો હતો. આ કાર્યક્રમમાં દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના મુંડાહેડા વર્ગ પ્રાથમિક શાળાના શિક્ષક પરમાર મીનાક્ષીબેન લલ્લુભાઈનું સાઉથ એશિયા ટીચર્સ એકસલન્સ એવોર્ડ ૨૦૨૨ થી સન્માન કરવામાં આવ્યુ હતું. રાષ્ટ્રીય કક્ષાના શિક્ષક સન્માન સમારોહ કાર્યક્રમમાં સમગ્ર દેશના ૧૮ રાજ્યોમાંથી ૧૭૦ જેટલા ઈનોવેટીવ શિક્ષકોનું સમ્માન કરવામાં આવ્યું હતું. રાષ્ટ્રીય કક્ષાએ આ એવોર્ડ મેળવી મીનાક્ષીબેન લલ્લુભાઈ પરમારે શાળા તથા સમગ્ર દાહોદ જિલ્લાની સાથે ગુજરાત રાજ્યનું ગૌરવ વધારેલ.

# ગોધરાની પરણિતાએ સાસરીયાના ત્રાસ થી પિયર દાહોદ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી

દાહોદ,
દાહોદમાં રહેતી અને પંચમહાલના ગોધરા નગરમાં રહેતાં એક પરણિતાને પોતાના પતિ તથા સાસરીયાઓ દ્વારા શારિરીક અને માનસીક ત્રાસ અપાતાં પરણિતાને ઘરમાંથી કાઢી મુકતાં પરણિતા દાહોદ પોતાના પિયર મુકામે આવી દાહોદ મહિલા પોલીસ મથકે ન્યાયની ગુહાર માટે પોલીસને દરવાજા ખટખટાવ્યાંનું જાણવા મળે છે.

દાહોદમાં રહેતાં રહેતાં ૩૪ વર્ષીય રેખાબેન ગૌરાંગકુમાર પટેલના લગ્ન તારીખ ૨૩.૦૬.૨૦૨૦ના રોજ સમાજના રીતી રિવાજ મુજબ પંચમહાલના ગોધરા નગરમાં રહેતાં ગૌરાંગકુમાર અશ્વિનભાઈ પટેલ સાથે થયાં હતાં. લગ્નના થોડા સમય સુધી રેખાબેનન તેના પતિ ગૌરાંગકુમાર તેમજ સાસરી પક્ષના અશ્વિનભાઈ ચતુરભાઈ પટેલ, મીનાબેન અશ્વિનભાઈ પટેલ, મુકેશભાઈ ચતુરભાઈ પટેલ, મહેશભાઈ ચતુરભાઈ પટેલ અને કૈલાસબેન મહેશભાઈ પટેલ દ્વારા ત્રણેક માસ જેટલું સારૂં રાખ્યાં બાદ પોત પ્રકાશ્યું હતું અને રેખાબેનને અવાર નવાર મેળા ટોળા મારી બેફામ ગાળો બોલી કહેતાં હતાં કે, અમારે તને રાખવી નથી, તું અમારા ઘરમાંથી નીકળી જા, તેમ કહી મારી નાંખવાની ધમકી આપતાં હતાં અને પહેરેલ કપડે રેખાબેનને ઘરમાંથી કાઢી મુકતાં રેખાબેન પોતાના પિયર દાહોદ આવી પહોંચી હતી અને પોતાના પતિ તથા સાસરીયાઓ વિરૂધ્ધ દાહોદ મહિલા પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# શહેરા તાલુકામાં વરસાદી માહોલથી વાતાવરણમાં ઠંડક


તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,
પંચમહાલ જિલ્લાના શહેરા તાલુકા માં રવીવારના રોજ વરસાદી માહોલ જોવા મળી રહ્યો હતો. વરસાદના આગમનના પગલે બજારોમાં લોકોની અવરજવર ઓછી જોવા મળવા સાથે દુકાનોમાં પણ ઘરાકી જોવા ઓછી મળી રહી હતી. જોકે મેઘરાજાના આગમનના પગલે વાતાવરણ માં ઠંડક પ્રસરી હતી. જ્યારે ખેતરના પાકમાં પાણીની તાતી જરૂરિયાત વચ્ચે વરસાદી માહોલ સર્જાતા ખેડૂતોની ચિંતામાં થોડી ઘણો ઘટાડો થયો હતો.

# આપની આજ.......

મેષ : આજે કોઈ કારણસર તમારું મન પરેશાન થઈ શકે છે. તમે કોઈ કારણસર અસ્વસ્થ થઈ શકો છો. વ્યાવસાયિક વિકાસ માટે કરવામાં આવેલા પ્રયત્નો નિરર્થક હોઈ શકે છે.

વૃષભ : આજનો દિવસ તમારા માટે સંપૂર્ણ અનુકૂળ હોવાથી તમને લાભ મળશે. આજીવિકાના ક્ષેત્રે ચાલી રહેલા પ્રયત્નો ફળદાયી રહેશે. રાજકીય સહયોગ મળશે. સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃત રહો. તમારી વાણી પર સંયમ રાખો.

મિથુન : આજે તમારે ખર્ચની દ્રષ્ટિએ થોડું ધ્યાન રાખવાની જરૂર છે. જો તમે બિનજરૂરી ખર્ચોને ટાળો છો તો પછી ફક્ત તમને ભવિષ્યમાં ફાયદો થશે. જો તમે કોઈ શારીરિક રોગથી પીડિત છો, તો આજે પીડામાં વધારો થઈ શકે છે.

કર્ક : આજે ગ્રહોનો વિશેષ યોગ તમને આર્થિક સફળતા અપાવશે. નમ્ર વાણીથી તમારી પ્રતિષ્ઠા વધશે. તમારા સ્વાસ્થ્ય વિશે સાવધાન રહેવું. તમારી ખાવાની ટેવમાં ધૈર્ય રાખો.

સિંહ : આજનો દિવસ થોડો મુશ્કેલ હોઈ શકે છે. આજે તમને કાર્યસ્થળમાં થોડી મુશ્કેલી અનુભવાઈ શકે છે. એકસાથે અનેક પ્રકારના કાર્યો હાથમાં લઈ શકો છો. એક પછી એક બધા કાર્યો પૂર્ણ કરવાનું વધુ સારું રહેશે.

કન્યા : આજનો દિવસ તમારા માટે મુશ્કેલ દિવસ છે. કાર્યક્ષેત્રમાં અધિકારીઓ સાથે અથવા વ્યવસાયના ક્ષેત્રમાં ઉદ્યોગપતિઓ સાથે અણબનાવ થઈ શકે છે. તમારી કાર્ય કુશળતાથી, તમે તમારા દુશ્મનો પર વિજય મેળવશો. સંતાન તરફથી તમને સારા સમાચાર મળશે.

તુલા : આજનો દિવસ થોડો મુશ્કેલ હોઈ શકે છે. આ સમયે તમારા જીવનમાં ઘણા પરિવર્તન આવે છે. આજે પરિવારના સભ્યો પણ ક્યારેક તમારા વિશે મૂંઝવણમાં મૂકાઈ શકે છે.

વૃશ્ચિક : પૈસાની દ્રષ્ટિએ આજનો દિવસ ખૂબ જ ફળદાયક બનવાનો છે. અચાનક મોટી રકમ મળી શકે છે અને તમારી સ્થિતિમાં સુધારો થઈ શકે છે. આ દિવસે તમને વ્યાવસાયિક યોજનાઓમાં લાભ મળશે.

ધનુ : આજે કેટલાક લોકો તમારા કામમાં અડચણ ઊભી કરી શકે છે અથવા એવું પણ થઈ શકે છે કે કોઈ કારણસર અથવા અન્યના કારણે તમે તમારા લક્ષ્યથી પાછળ હટી શકો છો.

મકર : આજે ભાગ્યનો સાથ મળી રહ્યો છે અને તમામ કાર્ય સરળતાથી આરામથી થતાં જોવા મળશે. સારા દિવસોનો સંયોગ મનને આનંદિત કરશે. આ દિવસે તમે ધાર્મિક કાર્યોથી સંબંધિત પ્રવૃત્તિઓમાં વ્યસ્ત રહેશો.

કુંભ : આજનો દિવસ વ્યસ્ત રહેશે. આજે તમે આવી યોજના બનાવી શકો છો જેને તમારી બહાદુરી અને પ્રયત્નોની જરૂર પડશે. પરિવારજનો અને મિત્રોનો સહયોગ ચાલુ રહેશે.

મીન : આજનો દિવસ તમારા માટે ખૂબ શુભ દિવસ છે. પરિવારમાં સુખ અને સમૃદ્ધિ મળશે અને તમને નોકરીમાં સફળતા મળશે. આજે તમારા રાજકીય હરીફો તમને પછાડવા પ્રયત્ન કરશે. ધીરે ધીરે તમે સફળતા તરફ આગળ વધી રહ્યા છો અને આજે તમને પૈસાની દ્રષ્ટિએ પણ દિવસનો લાભ મળશે.


**તાલુકા આરોગ્ય કચેરી ધાનપુર ખાતે મનઃશ્રુતિ ચેરીટેબલ ટ્રસ્ટ વડોદરા અને ONGC કમ્પનીનાં સહયોગથી ધાનપુર તાલુકાના ૧૬ ટી.બીના દર્દીઓને જિલ્લા ક્ષય અધિકારી ડો આર.ડી પહાડીયા અને તાલુકા હેલ્થ ઓફિસર ડો. બી.પી રમન, શૈલેષ રાઠોડ, (STS) નીતિન નલવાય(STLS) સુશીલ પરમાર (ICTC COUNSILER)ના હસ્તે ન્યુટ્રિશન કીટ આપવામાં આવી.**

# ગરબાડામાં મેઘમહેર થી વાતાવરણમાં ઠંડક


તસ્વીર : વિપુલ જોષી, ગરબાડા

ગરબાડા,
લાંબા વિરામ બાદ ગરબાડા પંથકમાં મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી થતાં પંથકમાં ઠંડક પ્રસરી જવા પામી હતી. તો બીજી તરફ અત્યાર સુધી ગરબાડા તાલુકામાં નદી નાળા તળાવો હાલમાં પણ ખાલી છે. ત્યારે રવિવારના બપોર બાદ લાંબા વિરામ બાદ મેઘરાજાએ ધમાકેદાર એન્ટ્રી કરતા લોકોમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો હતો. રવિવારના હાર્ટ બજારમાં એકા એક જ મેઘ મહેર હતા. પથારા વાળાઓએ ભારે હલકીનો સામનો કરવો પડ્યો હતો.

# ગોધરા તાલુકાના તળાવ-મુવાડા (ગોલ્લાવ)ના ચકચારી સાપરાધ મનુષ્યવધના ગુનાના આરોપીને ૭ વર્ષની સજા ફટકારતી કોર્ટ

ગોધરા,
ગોધરા તાલુકાના તલાવ મુવાડા (ગોલ્લાવ) ગામે હત્યાના ગુનામાં તાલુકા પોલીસ મથકે સાપરાધ મનુષ્યવધના ગુનામાં આરોપીને સાત વર્ષ કેદની સજા ફટકારતી ગોધરા છઠ્ઠી એડી.સેશન્સ કોર્ટ.

ગોધરા તાલુકાના તલાવ મુવાડા (ગોલ્લાવ) ગામે રહેતા આરોપી દિનેશ મંગળભાઈ કોળી (બારીયા)ને ૨૦૧૮ના વર્ષમાં ગંગાબેન સાથે પૈસા બાબતે બોલાચાલી ઝગડો થયો હતો. ત્યારે મરનાર અરવિંદ ગલાભાઈ બારીયા ઝગડામાં વચ્ચે પડીને ઝગડો ન કરવાનં કહેતા આરોપીએ ઉશ્કેરાઈ જઈ મરણજનાર અરવિંદભાઈને કોલરના ભાગેથી શર્ટ પકડી પેઢાના ભાગે ઢીંચણનો ભાગ મારી આંતરીક ઈજા કરી મરણજનારને નીચે પાડી ગળુ દબાવી રાખતા છોડવા વચ્ચે પડેલ ફરિયાદીને ધક્કો મારી પાડી દીધા હતા. અરવિંદભાઈ બારીયાનું ગળું દબાવી દેતા સારવાર હેઠળ ખસેડતા સારવાર દરમિયાન મોત નિપજાવ્યું હતું. આરોપી દિનેશ મંગળભાઈ કોળી (બારીયા) વિરૂદ્ધ ઈ.પી.કો.ની કલમ ૩૦૨, ૩૦૩,૫૦૪,૫૦૬(૨) મુજબ ફરિયાદ નોંધાઈ હતી. આ કેસ પંચમહાલ જીલ્લા છઠ્ઠા એડી સેશન્સ જજ ઈ.એમ.શેખની કોર્ટમાં ચાલી જતાં રેકર્ડ ઉપર મુકેલ પુરાવા ધ્યાને લઈ તેમજ મદદનિશ સરકારી વકીલ આર.વાય.ત્રિપાઠીની દલીલોને ધ્યાને લઈ નામદાર કોર્ટ દ્વારા આરોપીને તકસીરવાર કરાયેલ અને આરોપીને ૭ વર્ષ સાદી કેદની સજા અને ૧૧,૦૦૦/-રૂપીયા દંડ ફટકારવામાં આવી તેમજ જીલ્લા કાનુની સત્તા મંડળને ફરિયાદીને યોગ્ય વળતર મળે તે માટે કાર્યવાહીનો હુકમ કર્યો.

# લીમડી નગર ખાતે રકતદાન શિબિરમાં ૭૫ યુનિટ રકતદાન કરાયું



લીમડી,
લીમડી નગર બી.પી. અગ્રવાલ હાઈસ્કુલ ખાતે રકતદાન કેમ્પનું આયોજન કરાયું. રકતદાન શિબિરમાં મોટા પ્રમાણમાં સહયોગ કર્યો. ૭૫ યુનિટ રકતદાન થયું હતું.

લીમડી નગર બી.પી. અગ્રવાલ હાઈસ્કુલ ખાતે ઈન્ડીયન રેડક્રોસ સોસાયટી અને લીમડી પ્રકૃતિ મિત્ર મંડળના સંયુકત ઉપક્રમે રકતદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. રકતદાન શિબિરમાં ગાયત્રી પરિવાર તેમજ જૈન શ્વેતામ્બર સોશ્યલ ગૃપ રકતદાન કેમ્પમાં સહયોગી થયા હતા. રકતદાન કેમ્પમાં લીમડી નગર અને આસપાસના વિસ્તારના લોકોએ ભાગ લઈ રકતદાન કરવામાં આવ્યું. રકતદાન શિબિરમાં ૭૫ યુનિટ રકત એકઠું થયું હતું. રકતદાન શિબિર સફળ થતાં રેડક્રોસ સોસાયટી અને પ્રકૃતિ મિત્ર મંડળે રકતદાતાઓનો આભાર માન્યો હતો.

## આઝાદીના અમૃત મહોત્સવ પ્રસંગે

# દાહોદ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા પ્રાકૃતિક કૃષિ પ્રકૃતિના શરણે... પરિસંવાદ યોજાયો

દાહોદ,

ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે દાહોદ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા યોજાયેલા પ્રાકૃતિક કૃષિ, પ્રકૃતિના શરણે... પરિસંવાદમાં ઉપસ્થિત પ્રગતિશીલ ખેડૂતો સાથે વર્ચ્યુઅલ સંવાદ કરતા જણાવ્યું હતું કે, રાસાયણિક કૃષિના દુષ્પરિણામોથી બચવાનો શ્રેષ્ઠ માર્ગ પ્રાકૃતિક કૃષિ છે. રાજ્યપાલએ જણાવ્યું હતું કે, પ્રાકૃતિક કૃષિ અપનાવવાથી દેશના ખેડૂતો અને ખેતી આત્મનિર્ભર બનશે.

આ પ્રસંગે રાજ્યપાલએ જણાવ્યું હતું કે, ભારતના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ આઝાદીના અમૃત મહોત્સવ પ્રસંગે પ્રત્યેક ગામમાંથી ૭૫ ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ સાથે જોડવા આહ્વાન કર્યું છે. જેને સાકાર કરવા ગુજરાતમાં પ્રાકૃતિક કૃષિ જનઅભિયાન ઉપાડયું છે. દાહોદ જિલ્લાના વધુમાં વધુ ખેડૂતો પ્રાકૃતિક કૃષિ સાથે જોડાય તે માટે અનુરોધ કરતા રાજ્યપાલએ પ્રાકૃતિક કૃષિને ખેડૂતો માટે આશીર્વાદરૂપ ગણાવી હતી.

પ્રાકૃતિક કૃષિના મૂળભૂત સિદ્ધાંતોની સમજ આપતા રાજ્યપાલએ જણાવ્યું હતું કે, પ્રાકૃતિક કૃષિમાં દેશી ગાયનું અત્યંત મહત્વ છે. દેશી ગાયના એક ગ્રામ છાણમાં ૩૦૦ કરોડ સૂક્ષ્મ જીવાણું હોય છે. જયારે ગૌ–મૂત્ર ખનીજોનો ભંડાર છે. દેશી ગાયના છાણ, ગૌમૂત્ર, દાળનું બેસન, ગોળ અને માટીનું પાણીમાં મિશ્રણ બનાવી જીવામૃત અને ઘનજીવામૃત બનાવવામાં આવે છે. જે કલ્ચરનું કાર્ય કરે છે અને પ્રાકૃતિક ખાતર તરીકે વાપરી શકાય છે. જીવામૃત ઘનજીવામૃતથી જમીનમાં સૂક્ષ્મજીવો અને અળસિયા જેવા મિત્ર જીવોની વૃદ્ધિ થાય છે. જે જમીનમાં રહેલા ખનીજતત્વોનું શોષી શકાય તેવા સરળ પદાર્થોમાં રૂપાંતર કરે છે. જેનું શોષણ કરી છોડ પોષણ મેળવે છે. અને જમીનની ફળદ્રૂપતામાં વધારો થાય છે. રાજ્યપાલએ અળસીયાને ખેડૂતોના મિત્ર ગણાવ્યા હતા. અળસીયા જમીનમાં અસંખ્ય છેદ બનાવી જમીનને નરમ બનાવે છે. જમીનમાં પૂરતો ઓક્સિજન મળે છે. અને આ છિદ્રો દ્વારા પાણી જમીનમા ઉતરતા કુદરતી રીતે જળસંચય થાય છે.

રાજ્યપાલએ જમીનને કૃષિ અવશેષોથી ઢાંકવા માટે આચ્છાદન એટલે કે મલ્ચીંગના





તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

મહત્વને સમજાવતા જણાવ્યું હતું કે, મલ્ચિંગથી જમીનનું ઊંચા તાપમાન સામે રક્ષણ થાય છે. જમીનમાં ભેજનું પ્રમાણ જળવાઈ છે. જેનાથી પાણીની પચાસ ટકા જેટલી બચત થાય છે. નિંદામણની સમસ્યા હલ થાય છે અને અળસીયાં જેવા મિત્ર જીવોને દિવસ દરમિયાન કાર્ય કરવાનું વાતાવરણ બની રહે છે. તેમને પ્રાકૃતિક કૃષિ પદ્ધતિમાં મિશ્ર પાકના મહત્વને પણ સમજાવ્યું હતું.

રાજ્યપાલએ ઓર્ગેનિક કૃષિ અર્થાત જૈવિક કૃષિને પ્રાકૃતિક કૃષિથી સાવ અલગ પદ્ધતિ ગણાવી હતી. તેમણે જણાવ્યું હતું કે, ઓર્ગેનિક કૃષિમાં વર્મિકંમ્પોસ્ટ બનાવવાનો ખર્ચ થાય છે. નિંદામણની સમસ્યાનો હલ થતો નથી. વિદેશી અળસિયા ભારતીય વાતાવરણમાં પૂરી ક્ષમતાથી કાર્ય કરી શકતા નથી. જેના કારણે ઓર્ગેનિક કૃષિમાં શરૂઆતના વર્ષોમાં ઉત્પાદન ઘટે છે અને ખર્ચ વધવાના કારણે ઓર્ગેનિક કૃષી

ખેડૂતો માટે લાભકારી નથી જયારે પ્રાકૃતિક કૃષિમાં કૃષિખર્ચ નહિંવત આવે છે. ઉત્પાદન ઘટતું નથી, જમીનનો ઓર્ગેનિક કાર્બન વધવાથી જમીન ફળદ્રુપ બને છે અને સરવાળે ખેડૂતો માટે લાભકારી સાબિત થાય છે.

રાસાયણિક ખાતરો અને જંતુનાશકોના અંધાધૂધ ઉપયોગથી જમીનની ફળદ્રુપતા ઘટી રહી છે. રાસાયણિક કૃષિમાં ખર્ચ સતત વધી રહ્યો છે અને ઉત્પાદન દિનપ્રતિદિન ઘટતું જાય છે. આના કારણે ખેડૂતોની આર્થિક સ્થિતિ કંગાળ બની રહી છે. રાસાયણિક કૃષિના કારણે જળ–જમીન અને પર્યાવરણ દૂષિત થયા છે. દૂષિત ખાધાન્ન આરોગવાથી લોકો કેન્સર, હૃદયરોગ જેવા અસાધ્ય રોગના ભોગ બની રહ્યાં છે. રાસાયણિક કૃષિના દૂષ્પરિણામોથી બચવાનો મજબુત વિકલ્પ પ્રાકૃતિક કૃષિ હોવાનો જણાવી રાજ્યપાલએ ઉમેર્યુ હતું કે, પ્રાકૃતિક કૃષિથી જળ–જમીન અને પર્યાવરણની રક્ષા થાય છે. દેશી ગાયનું જતન–સંવર્ધન થાય છે. કૃષિ ખર્ચ ઘટે છે અને ઉત્પાદન પૂરતું મળવાને કારણે પ્રાકૃતિક કૃષિ ખેડૂતો માટે આશીર્વાદરૂપ છે. રાસાયણિક ખાતરો અને જંતુનાશકો પાછળ કેન્દ્ર સરકારને વર્ષે અઢી લાખ કરોડનો આર્થિક બોજ સહન કરવો પડે છે.

રાજ્યપાલએ વધુને વધુ ખેડૂતો પ્રાકૃતિક કૃષિ સાથે જોડાય તે માટે ઉપસ્થિત ખેડૂતોને અનુરોધ કરી ખેડૂત અને ખેતીને આત્મનિર્ભર બનાવવા સૌને પ્રેરિત કર્યા હતા.

સાંસદ જસંવતંસિંહ ભાભોરે પરિસંવાદમાં જણાવ્યું કે, પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ અને માર્ગદર્શનમાં દેશ કૃષિ ક્ષેત્રે હરળફાળ વિકાસ કરી રહ્યો છે. દાહોદ જિલ્લો પણ રાજ્યમાં પ્રાકૃતિક કૃષિ અપનાવવામાં અગ્રેસર છે. પ્રાકૃતિક કૃષિએ અત્યારના સમયની માંગ છે. જયારે રાસાયણિક ખાતરો અને જંતુનાશક દવાઓથી પર્યાવરણ અને માનવ સ્વાસ્થ્યને નુકશાન થઈ રહ્યું છે. ત્યારે પ્રાકૃતિક ખેતીએ પર્યાવરણ, સ્વાસ્થ્ય અને ખેડૂતોની આર્થિક સમૃદ્ધિ માટે મહત્વની છે.

પ્રાકૃતિક કૃષિ પરિસંવાદમાં જિલ્લામાં પ્રાકૃતિક કૃષિ સફળતા પૂર્વક કરી રહેલા ૯ જેટલા ખેડૂતોને પ્રશસ્તિપત્ર આપીને સન્માન કરાયું હતું. કાર્યક્રમમાં પ્રાકૃતિક કૃષિ બાબતની એક ડોક્યુમેન્ટ્રી ફિલ્મ પણ દર્શાવાઈ હતી. જે ખેડૂતોએ રસપૂર્વક નિહાળી હતી. પ્રાકૃતિક ખેત પેદાશોના સ્ટોલની મહાનુભાવો તેમજ ખેડૂતોએ મુલાકાત લીધી હતી.

કલેક્ટર ડો. હર્ષિત ગોસાવીએ ગુજરાતના રાજ્યપાલ સહિત અહીં ઉપસ્થિત મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કરતા જણાવ્યું કે, પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના પ્રાકૃતિક કૃષિ અપનાવવાના આહ્વાન બાદ દાહોદ જિલ્લામાં પ્રાકૃતિક કૃષિનો વ્યાપ વધ્યો છે. જિલ્લામાં અત્યારે ૧૨૫૦૦ એકરમાં પ્રાકૃતિક ખેતી થઈ રહી છે. જિલ્લાના ૧૩ હજારથી વધુ કૃષિકારોએ પ્રાકૃતિક ખેતીને અપનાવી છે. દરેક ગામ દીઠ ૭૫ ખેડૂતો પ્રાકૃતિક ખેતી અપનાવે તે માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા અભિયાન સ્વરૂપે સઘન કામગીરી થઈ રહી છે.

જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીએ પોતાના આભાર પ્રવચનમાં જણાવ્યું કે, ગામ દીઠ ૭૫ ખેડૂતો પ્રાકૃતિક ખેતી થાય એ માટે પ્રયાસો કરાઈ રહ્યાં છે ત્યારે રાજ્યપાલની અધ્યક્ષતામાં યોજાયેલા કાર્યક્રમથી અહીંના ખેડૂતો પ્રાકૃતિક ખેતી કરવા માટે પ્રોત્સાહિત થયા છે.

આ વેળાએ વિધાનસભાના દંડક રમેશભાઈ કટારા, જિલ્લા પંચાયત પ્રમુખ શીતલબેન વાઘેલા, પૂર્વમંત્રી અને ધારાસભ્ય બચુભાઈ ખાબડ, ધારાસભ્ય શૈલેષભાઈ ભાભોર, સ્ટેટ નોડલ અધિકારી આત્મા, આત્મા પ્રોજેક્ટ ડાયરેક્ટર પટેલ, દાહોદ જિલ્લા પોલીસ અધિક્ષક બલરામ મીણા, નિવાસી અધિક કલેક્ટર એ.બી. પાંડોર, અગ્રણી જિથરાભાઈ, પર્વતભાઈ, શંકરભાઈ અમલીયાર, સુધીરભાઈ, કનૈયાલાલ સહિતના પદાધિકારીઓ અને મોટી સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહ્યાં હતા.

## સુખસરમાં બંધનું એલાન આપવા નીકળેલા કોંગ્રેસના કાર્યકર્તાઓની પોલીસ દ્વારા અટકાયત

ફતેપુરા,

ફતેપુરા તાલુકામા આજરોજ કોંગ્રેસના કાર્યકર્તાઓ દ્વારા વિવિધ મુદ્દાઓને લઈને સુખસર બંધનું એલાન આપવા નીકળેલા આગેવાનોને સુખસર પોલીસે ડીટેઈન કરી સુખસર પોલીસ સ્ટેશનમાં લાવી તેમની સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હોવાનું જાણવા મળે છે.

પ્રાપ્ત વિગતો મુજબ આજરોજ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ જગદીશભાઈ ઠાકોર તથા પાર્ટીના આદેશ અનુસાર કોંગ્રેસના ગુજરાત પ્રદેશ સમિતિના મંત્રી રઘુભાઈ દીતાભાઈ મછારની આગેવાની હેઠળ




તસ્વીર : સંજય કલાલ, ફતેપુરા

પક્ષના કાર્યકર્તાઓ સુખસર બંધનું એલાન આપવા નીકળ્યા હતા. તેવા સમયે સુખસર પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ એમ. કે.પટેલ તથા સ્ટાફ દ્વારા કોંગ્રેસના સાત જેટલા કાર્યકર્તાઓની અટકાયત કરી પોલીસ સ્ટેશનમાં લાવવામાં આવ્યા હતા. જ્યારે બંધના એલાન આપવા બાબતે કોંગ્રેસના આગેવાન રઘુભાઈ મછાર ને પૂછતા તેઓએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં રોજગારીનો અભાવ મોંઘવારીનો પ્રશ્ન તથા જીએસટી જેવા અનેક કારણોસર ભાજપની સરકાર તાનાશાહી ચલાવી રહેલ છે અને ગરીબોનું ખૂન ચૂસીને તાયફાઓ અને ઉત્સવો ઉજવી રહેલ છે. તેના વિરોધમાં આજરોજ બપોરના ૧૨ કલાક સુધી સુખસર બંધનું એલાન આપવામાં આવ્યું હતું જેમાં સુખસર બંધના એલાનને સારો પ્રતિસાદ મળ્યો હોવાનું જોવા મળ્યું હતું.

એટેક કરેલા કોંગ્રેસના કાર્યકર્તાઓમાં રઘુભાઈ દિતાભાઈ મછાર,ભરતભાઈ બારીયા, વિજયભાઈ ભાભોર, અશોકભાઈ કિશોરી, વિજયકુમાર કલાલ, નિલેશભાઈ મછાર, છગનભાઈ મછાર તથા બીપીનભાઈ ડામોર સહિત અનેક કાર્યકર્તાઓની અટકાયત કરવામાં આવી હતી.અને તેઓની સામે યોગ્ય કાર્યવાહી કરી છોડી મૂકવામાં આવ્યા હતા.

## ઝાલોદ તાલુકાના આંબા ગામેથી ફોર વ્હીલર ગાડીની ચોરી

દાહોદ,

ગત તા.૦૬ સપ્ટેમ્બરના રોજ આંબા ગામે ભુરી કોતેડી ફળિયામાં રહેતાં સુરેશભાઈ સમસુભાઈ ડામોરે પોતાની કુઝર ફોર વ્હીલર ગાડી પોતાના ઘરના આંગણે લોક મારી પાર્ક કરી હતી. આ કુઝર ફોર વ્હીલર ગાડીને કોઈ અજાણ્યા ચોર ઈસમોએ પોતાનો કસબ અજમાવી કુઝર ગાડીની ચોરી કરી લઈ નાસી જતાં આ સંબંધે સુરેશભાઈ સમસુભાઈ ડામોરે લીમડી પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## દે. બારીયામાં પ્રેમ પ્રકરણમાં હત્યા કરનાર માસાએ પોલીસ કસ્ટડીમાં જીવન ટુંકાવ્યું

- આરોપીએ દે.બારીયા પોલીસ લોકઅપમાં ધાબળાની કિનારી વડે ગળે ફાસો ખાઈ આયખું ટૂંકાવ્યું.
- હત્યારો આરોપીના કોર્ટે ૫ દિવસના રિમાન્ડ મંજુર કરતા આરોપીએ રિમાન્ડ દરમિયાન પગલું ભર્યું.
- પોલીસે પોલીસ મથકમાં લાગેલા સીસીટીવી કેમેરાની ફૂટેજોની તપાસો હાથ ધરી.
- સમગ્ર પ્રકરણમાં પહેલા યુવાન પ્રેમિકાની હત્યા બાદ માસાએ પણ અગમ્ય કારણોસર જીવન લીલા સંકેલી લેતા પોલીસ બેડા સહિત પંથકમાં ચકચાર.

દાહોદ,

દાહોદ જિલ્લાના દે.બારીયામાં ચાર દિવસ અગાઉ યુવાન પ્રેમિકાનુ અન્ય સાથે આડા સંબંધની શંકાએ કાસળ કાઢી નાખનાર માસાએ પણ પોલીસ કસ્ટડીમાં પોતાની જીવન લીલા સંકેલી લેતા ચકચાર મચી જવા પામી છે. પોતાના ચાર સંતાનો અને પત્નીને પણ વિલય કરતા મૂકી જીવન ટૂંકાવી નાખનાર માસાની આત્મહત્યા સમગ્ર પંથકમાં ચર્ચાનો વિષય બની છે.



તાજેતરમાં બામરોલી ગામના જંગલ વિસ્તારમાંથી યુવતીની લાશ મળી આવી હતી. જેમાં પોલીસે ગણતરીના કલાકોમાં સમગ્ર હત્યાકાંડનો ભેદ ઉકેલી દીધો હતો. જેમાં ચાર સંતાનોના પિતા તેમજ યુવતીના કુટુંબી માસા એ જ અન્ય યુવક જોડે યુવતિના પ્રેમ સંબંધને લઈને હત્યાં કરી હોવાનું ઘટસ્ફોટ કર્યું હતું. ત્યારે પોલીસે વધુ પૂછપરછ મામલે આરોપી માસાને કોર્ટમાં રજુ કરતા કોર્ટે આરોપીના પાંચ દિવસના રિમાન્ડ મંજુર કરતા આરોપી માસાને દેવગઢ બારીયા પોલીસ મથક ખાતે મોકલી દેવામાં આવ્યો હતો. જ્યાં રાત્રીના સમયે આરોપીએ ઓઢવાની ચાદરની કિનારી વડે લોકઅપમાં આવેલા ખીલા જોડે લટકી આત્મહત્યા કરી જીવન લીલા સંકેલી લેતા પોલીસબેડા સહીત પંથકમાં ચકચાર મચી જવા પામી હતી. ત્યારબાદ ફરજ પર હાજર પોલીસે હત્યારાની લાશ ઉતારી સરકારી દવાખાને લઈ જવાયો હતો. ત્યાં ફરજ પરના તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો. હાલ પોલીસે ઘટના સંબંધી આરોપીની લાશનું પીએમ કરી અને પરિવારને સોંપી દેવામાં આવી છે. તેમજ ઘટના સંદર્ભે લીમખેડા ડિવિઝનના ડીવાયએસપીના માર્ગદર્શનમાં સીસીટીવી ફૂટેજોની તપાસવામાં આવી રહી છે. જેમાં ઘટના સમયે શું બન્યું હતું કે, બહાર આવશે.

### ચાર દિવસ અગાઉ પ્રેમ સબંધને લઈ ખૂની ખેલ ખેલનાર હત્યારા માસાની આત્મહત્યા : પ્રાયશ્ચિત કે શરમ સંકોચ.....

પોલીસ કસ્ટડીમાં પોતાની જીવનલીલા સંકેલી દેવાનું કારણ કૌટુંબિક માસાનું પ્રાયશ્ચિત કે લોકલાજની ચર્ચા પણ પંથકમાં ઉઠવા પામી છે. પોતાના કુટુંબની જ યુવતીને પોતાની હવસનો શિકાર બનાવનાર અને છાનગપાતીયા કરી પ્રેમિકા તરીકે પ્રસ્થાપિત કરી પોતાના પ્રેમને ભૂગર્ભમાં જ ધરબાયેલો રાખનાર ચાર સંતાનોના પીતા એવા માસાએ પોતાનું આવું હીન કૃત્ય બહાર આવશે તેવું કદાચ વિચાર્યું નહી હોઈ પણ સમગ્ર મામલામાં પ્રણય ત્રિકોણ સર્જાતા પ્રેમિકાને આક્રોશ સાથે મોતને ઘાટ ઉતારી દેતા તેનું આવું કૃત્ય સમગ્ર સમાજમાં ધૃણાસ્પદ રીતે ચર્ચાના કેન્દ્ર સ્થાને આવતા સમાજમાં હવે હું શું મોઢું લઈને જઈશ...? તેવા વિચારથી કે પછી પોતાનાથી અર્ધી ઉંમરની કુટુંબની દીકરીને સાથે જીવવા મરવાના કોલ આપી પ્રેમિકા તરીકે પ્રસ્થાપિત કર્યા બાદ દ્વિધાયુક્ત પરિસ્થતિમાં પહોંચેલા હત્યારા માસાએ પોતાની જીવન લીલા સંકેલી લેવાની ઈચ્છા પ્રબલ બનાવી આ કૃત્ય કર્યું હોવાનું પણ મનાઈ રહ્યું છે. ત્યારે સમગ્ર કિસ્સો જર જમીન અને જોરૂ એ ત્રણેય કજયાના છોરૂંની સાથે સાથે પ્રેમ આંધળો છે..ની ઉકતીને સાર્થક કરતો હોય તેવું નથી લાગતું????

## પ્રધાન મંત્રી ગરીબ કલ્યાણ યોજના હેઠળ રાજયમાં ૭૧ લાખ થી વધુ એનએફએસએ ધારકોની ૩.૪૫ કરોડ અને ભારતના ૮૦ કરોડ લોકોને ફ્રી રાશન આપવામાં આવે છે

દે.બારીયા,

સરકારી આંકડા બોલે છે કે, ભારતમાં ૮૦ કરોડ લોકોને ફ્રી રાશનની જરૂરીયાત છે. તો મોટો સવાલ ઉપસ્થિત થાય છે કે, દેશમાં ગરીબી રેખા નીચે આવતા કુટુંબોની સંખ્યા કેટલી ? ૨૦૧૧ના આંકડા મુજબ ભારત દેશમાં ૨૭ કરોડ લોકો ગરીબી રેખા તળે જીવતા હતા. ત્યારબાદ આવો કોઈ જ આંકડો સરકારના તરફ થી બહાર પાડવામાં આવ્યો નથી.

મળતા સુત્રો અનુસાર વિધાનસભાની ચુંટણીને ધ્યાને લઈને આગામી ત્રણ માસ સુધી ૭૧ લાખ થી વધુ એન.એફ.એસ.એ. કાર્ડ ધારકોને ફ્રી રાશનની રેવડી રૂપી લ્હાણી આપવાની સરકારી યોજના એકસડેન્ડ કરવામાં આવી છે. એટલે સપ્ટેમ્બર પછી પણ આ સ્કીમ ચાલુ રહે તો નવાઈ નહી. આ યોજના એપ્રિલ ૨૦૨૦માં ગરીબોને સુરક્ષા કવચ આપવાના નામે શરૂ કરવામાં આવી હતી. ત્યાર પછી કોરોનાકાળના લોકડાઉન સહિત આ યોજનાને છ વાર લંબાવવામાં આવી ચુકી છે. સામે ગુજરાત વિધાનસભાની ચુંટણીને અનુલક્ષીને લઈ ફરી ત્રણ માસ માટે લંબાવાય તેવા સંકેતો પ્રાપ્ત થયા છે. પરંતુ આ યોજના સરકારે તો ઘોષણાઓ કરી દે છે પણ જે ખરેખરના લાભાર્થીઓ છે છેવાડાના ગરીબો સુધી આ ફ્રી રાશન મળે છે કે નહિ કે બારોબાર સગેવગે થઈ જાય છે. તે રાજ્યનું વહિવટી તંત્ર બાજ નજર રાખતો નથી પરંતુ આ યોજનામાં સંડોવાયેલા અનાજ માફિયાઓને આંખ આડા કાન ખુદ જીલ્લા અને તાલુકાઓનું વહિવટી તંત્ર કરતું હોય છે. કેમ આ તમામ એ તમામ તેમા ભાગીદાર છે. તેવું આમ ગરીબોમાં ચર્ચાઈ રહ્યું છે.

આજ થી ૧૦ વર્ષ એટલે કે એક દાયકા પહેલા ભારતમાં ગરીબી રેખા માટેના નવા ધારાધોરણો તૈયાર કરવામાં આવ્યા હતા. જેમાં રંગ રાજન કમીટીની યુ.પી.એના સમય દરમિયાન રચના કરવામાં આવી હતી. આ સમીતી ૨૦૧૪માં પોતાનો રિપોર્ટ આપ્યો હતો. પરંતુ તમામ સરકારોએ હજુ સુધી તેના પર કોઈ નિર્ણય લીધો નથી. આ રિપોર્ટને ઠંડાબકસામાં મુકી દીધો છે. હવે આ વાતને એક દાયકો વિતી ગયો છે. તેમ છતાં શું ? ગરીબો વધ્યા નહિ હોય તે યક્ષ પ્રશ્ન છે. દેશનો વિકાસ ઉંધી દિશામાં થઈ રહ્યો છે કે પછી લોકો કહે છે તેમ દેશનો વિકાસ ગાંડો થયો છે. છેલ્લા એક દાયકા થી ભારતમાં કે પછી રાજ્યની સરકારે ગરીબી રેખાના સત્તાવાર આંકડા જાહેર કર્યા નથી શું ? સરકારનું એવું માનવું છે કે કોરોના કાળની મહામારીના કારણે ગંભીર મુશ્કેલી આવી હતી અને એમાંથી પસાર થયા છે. જો આ આંકડા જાહેર કરાશે તો ખળભળાટ મચી જશે જેથી આ આંકડાની વાતને સાઈડ લાઈન કરી મુકી દીધી છે. પરંતુ વારંવાર લંબાવામાં આવતા ફ્રી રાશનની યોજના થી રેવડી કલચર ખુદ સરકાર આગળ ધપાવે છે. તેવું પ્રથમ નજરે લાગતું નથી ?

રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા અધિનિયમ હેઠળ ગરીબ કુટુંબોને જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ સપ્ટેમ્બર મહિનાનું પહેલીએ થી નિયમીત વિતરણ થશે. તેવી પ્રિન્ટ મીડીયામાં નાગરિક પુરવઠા અને ગ્રાહકોનો વિભાગ ગુજરાત રાજ્ય તરફ થી જાહેરાત પ્રસિદ્ધ કરાય છે. તે આવકારવા લાયક છે. પરંતુ શું ? લાભાર્થીઓને જાહેર કરેલી તમામ જથ્થો પુરતો મળે છે ખરા ? તે કોઈ જ વિભાગ અથવા પદના અધિકારીઓ ધ્યાને લેતાં જ નથી તેવું આમ જનતામાં ગણગણાટ છે. ચણા આપે તો દાળ આપતા નથી. દાળ આપે તો ચણા આપતા નથી. ઘઉંનો જથ્થો ચોખામાં સરભર કરીને આપવામાં આવે છે. પહોંચ અથવા બીલ્ટ્રી પણ આપવામાં આવતી નથી. આ કૌભાંડો હાલમાં પણ ચાલે છે. કોઈ જ અધિકારી દુકાનદારોને કહેવા માટે તૈયાર નથી કેમ કે, આ તમામ લોકો આમ ભાગીદાર છે અને દર માસે હપ્તાઓ મળી જતા હોય છે. તેવું કાર્ડ ધારકોમાં ચર્ચાઈ રહ્યું છે શું ? આ અનાજ માફિયાઓનું રાજ ચાલશે કે પછી સરકારી બાબુઓ કાયદાનું પાલન કરાવશે તે તો આવનારો સમય જ બતાવશે.

## ફતેપુરા મતદાન મથકની મુલાકાત લેતા મામલતદાર આર.પી. ડીંડોર



ફતેપુરા,

ગુજરાત રાજ્ય સહિત તમામ જિલ્લાઓમાં અને તાલુકાઓમાં મતદાર યાદી સુધારણાનો કાર્યક્રમ ચાલી રહેલ છે. મતદાર યાદી સુધારણા કાર્યક્રમનો છેલ્લો દિવસ હોય ફતેપુરા મતદાન મથકો પર મતદારો દ્વારા વિવિધ કામગીરી કરવા માટેની ભીડ જોવા મળતી હતી આજરોજ મતદાન મથક ૩૪ ૩૫ અને ૩૬ મતદાન મથકની મામલતદાર આર.પી. ડીંડોર મુલાકાત લઈ ફોર્મ નંબર ૬ નવીન મતદાર નામ નોંધણી તેમજ ફોર્મ નંબર ૭ નામ કમી તથા ફોરમ નંબર ૬ બ ચૂંટણી કાર્ડ સાથે આધાર કાર્ડની લીંક કરવા માટેની જરૂરી માહિતી બુથ લેવલ ઓફિસર શૈલેષભાઈ પ્રજાપતિ કમલેશભાઈ પ્રજાપતિ તેમજ પરિશ્રીત ભાઈ પટેલને આપેલ હતી તેમજ બુથ લેવલ ઓફિસરો દ્વારા કરવામાં આવેલ કામગીરીને બિરદાવીને પ્રશંસા કરેલ હતી. મામલતદાર ડીંડોર સાથે નાયબ મામલતદાર પુરવઠા એસ.એમ. ચૌધરી પણ ઉપસ્થિત રહી જરૂરી સૂચના આપેલ હતી. મતદાર યાદી સુધારણાનો આજે છેલ્લો દિવસ હોય નવીન મતદારોના નામ દાખલ કરાવવા મૃત્યુ પામેલા મતદારનું નામ કમી કરાવવા મતદાર યાદીમાં નામોમાં સુધારા વધારા કરવા ચૂંટણી કાર્ડ સાથે આધાર કાર્ડ લિંક કરવા માટે મતદારો જોવા મળતા હતા.

## દાહોદ જીલ્લામાં મેઘરાજા કડાકા ધડાકા સાથે મહેરબાન આકાશી વિજળી થી ચાર વ્યકિતના મોત



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદ જિલ્લામાં છેલ્લા બે–ત્રણ દિવસથી મેઘરાજા મહેરબાન રહેતાં વિજળીના કડાકા અને ધડાકા સાથે વરસાદ વરસી રહ્યો છે. ત્યારે બીજી તરફ હવામાન વિભાગ દ્વારા દાહોદ જિલ્લામાં ૦૫ દિવસ સુધી ભારે વરસાદની આગાહી વ્યક્ત કરી રહી છે. હવામાન વિભાગ દ્વારા ભારે વરસાદની આગાહીને પગલે તંત્ર દ્વારા સાવચેતીના ભાગરૂપે તૈયારીઓ પણ કરી હોવાનું જાણવા મળી રહ્યું છે.

દાહોદ શહેર સહિત જિલ્લામાં તમામ તાલુકાઓમાં વીજળીના કડાકા અને ધડાકા સાથે વરસાદ વરસી રહ્યો છે. નીચાળવાળા વિસ્તારોમાં વરસાદ પડતાં લોકોને હાલાકીનો સામનો પણ કરવો પડી રહ્યો છે. ત્યારે છેલ્લા બે દિવસમાં દાહોદ જિલ્લામાં આકાશી વિજળી પડતાં ૪ વ્યક્તિઓના મોત નીપજ્યાં છે. જ્યારે બે મુંગા પશુઓના પણ મોત નીપજ્યાં છે. આવા સમયે હવામાન વિભાગ દ્વારા દાહોદ જિલ્લામાં ૦૫ દિવસ ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. છેલ્લા બે–ત્રણ દિવસથી દાહોદ જિલ્લામાં વીજળીના કડાકા અને ધડાકા સાથે મુશળધાર વરસાદ વરસી રહ્યો છે. હવામાન વિભાગની આગાહીને પગલે દાહોદ જિલ્લા વહીવટી તંત્રએ પણ સાવચેતીના પગલા લેવાની તૈયારીઓ કરી દીધી છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www.panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 26, No.19

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

### ગોધરા ખાતે જીલ્લા સંયુકત કર્મચારી મોરચાના નેજા હેઠળ

# શિક્ષકોએ રેલી યોજી પેન્શન સહિતની માંગણીઓને લઈ કલેકટરને આવેદન આપ્યું

ગોધરા,

પંચમહાલ જીલ્લા સંયુકત કર્મચારી મોરચના નેજા હેઠળ આજરોજ જીલ્લા કર્મચારીઓ ગોધરા ન્યુઈરા હાઈસ્કુલ ખાતે એકઠા થયા હતા અને ૩ થી ૪ હજાર શિક્ષકો સહિતના કર્મચારીઓ જુની પેન્શન યોજના પુનઃશરૂ કરવા તથા અન્ય પડતર પ્રશ્નો અંગે રેલી યોજી કલેકટર કચેરી પહોંચી કલેકટરને આવેદનપત્ર આપવામાં આવ્યું.

પંચમહાલ જીલ્લા સંયુકત કર્મચારી મોરચા દ્વારા આજરોજ ન્યુઈરા હાઈસ્કુલ ખાતે એક મીટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. જીલ્લાના શિક્ષકો તેમજ અન્ય સરકારી કર્મચારી મોટી સંખ્યામાં એકઠા થયા છે અને કર્મચારીઓની જુની પેન્શન યોજના પુનઃ લાગુ કરવામાં આવે, ફિકસ પગાર પ્રથા મુળ અસર થી બંધ કરી નામદાર હાઈકોર્ટના ચુકાદા મુજબ નિમણૂંક થી તમામ લાભ આપવામાં આવે, સાતમા પગાર પંચના બાકી ભથ્થા ૧/૧/૨૦૧૬ની અસર થી લાગુ કરવામાં આવે, રહેમરાહે



નિમાયેલ કર્મચારીઓની નોકરી મુળ નિમણૂંક તારીખ થી તમામ હેતુ માટે સળંગ ગણવી, શૈક્ષણિક કર્મચારી સિવાયના કર્મચારીઓને

**- ગોધરા ખાતે ૩ થી ૪ હજાર કર્મચારીઓ પડતર માંગણીઓને લઈ રેલીમાં જોડાયા.**
**- સરકારી નીતિના વિરોધમાં સુત્રોચ્ચાર કરવામાં આવ્યા.**

કેન્દ્ર સરકારના કર્મચારી માફક ૧૦,૨૦,૩૦ વર્ષ ઉચ્ચતર પગાર ધોરણના લાભ આપવા, ૧૦ લાખની મર્યાદામાં કેશલેસ મેડીકલેમની મર્યાદા આપવી, વય નિવૃતિ ૫૮ થી વધારી ૬૦ વર્ષ કરવી, ચાલુ ફરજ દરમિયાન અવસાનના કિસ્સામાં નાણાંકીય સહાય ને બદલે રહેમરાહે પુરા પગારમાં નોકરી આપવી, પંચાયત બોર્ડ નિગમ, નગર પાલિકા, મહાનગર પાલિકા, ગ્રાન્ટ ઈન એઈડ સંસ્થાઓ તથા વર્ક ચાર્જ રોજમદાર કર્મચારીઓને સાતમા પગાર તફાવતના લાભ આપવા અને રાજય સરકારના કર્મચારી ગણવા, વર્ગ-૩ અને વર્ગ-૪માં આઉટ સોર્સીંગ પ્રથામાં થતું શોષણ દુર કરી નિયમીત ભરતી કરવી અને અનુભવી કર્મચારીઓને અગ્રતાના ધોરણે નિયમીત કરવા, કર્મચારીઓને નિવૃતી બાબતે કોમ્યુટેડ પેન્શનના વ્યાજ દરમાં તથા મુદ્દતમાં ઘટાડો કરવો, કોરોનાકાળ દરમિયાન સી.સી.સી.ની પરિક્ષા ન લેવાઈ હોવાથી પરીક્ષાનસ મુદ્દત ૩૧/૧૨/૨૦૨૧ સુધી વધારવામાં આવે તેવા વિવિધ મુદ્દાઓ સાથે સરકાર સાથે લડી લેવાના મુડમાં કર્મચારીઓ ન્યુઈરા હાઈસ્કુલ ગોધરા ખાતે એકઠા થઈ રેલી સ્વરૂપે રાજય સરકારની નીતિઓના વિરોધમાં સુત્રોચ્ચાર કરી રેલી કલેકટર કચેરી પહોંચી હતી અને રાજયના મુખ્યમંત્રીને ઉદ્દેશી માંગણી સહિતનું આવેદનપત્ર જીલ્લા કલેકટરને આપવામાં આવ્યું હતું.

## ગોધરા ચિખોદ્રાની નોંધ નંબર-૨ વાળી મંદિર ટ્રસ્ટની જમીનમાં લઘુમતી કોમના ઈસમો દ્વારા તારીખો ફેરફાર કરાઈ

ગોધરા,

પંચમહાલ જીલ્લા ચિખોદ્રાની નોંધ નં.૨ વાળી જમીનો ખુબ જ મોટા પ્રમાણની નોંધ આવેલી છે. અને તે નોંધ રામજી મંદિરના નામે તા.૧/૧/૧૯૫૭ થી ગામ નમુના ૬ હકક પત્રકમાં પડેલ આમ આ નોંધમાં લઘુમતી કોમના ઈસમોના ઈશારે ગામ નમુના ૬ ની કોલમમાં તા.૧૨/૩/૧૫૭ કરી કરાવી રેવન્યુ ગામ નમુના ૬ માં ચેડા કરી ફેરફાર કરેલ છે અને રામજી મંદિરની જમીનો ખુબ જ મોટા પ્રમાણમાં સરકારના નિયમો અંગેનો ભંગ કરી કરાવી તેમજ રામજી મંદિર ટ્રસ્ટની કોઈ સંમતિ તથા ચેરીટી કમિશ્નરની પરવાનગી વગર તેમજ કાયદાનો સરેઆમ ભંગ કરી તથા નવી શરતીની જમીનો હોવા છતાં કોઈપણ અવલોકન કર્યા વગર વાણિજય હેતુમાં ખોટા ખોટા સબ રજીસ્ટ્રર તાત્કાલીક ચૌહાણ તથા હાલના મછાર સબરજીસ્ટ્રરે મોટી મોટી લાંચો લઈ ખોટા ખોટા દસ્તાવેજો બનાવી તેમજ ગોધરા ઈ-ધરા મામલતદાર ભરત ડામોર દ્વારા ગામ નમુના ૬ હકક પત્રકમાં નોંધ નંબર-૨ ને ધ્યાને લીધા વિના કાચી નોંધો દાનની મિલ્કતો ઉપર પાડવામાં આવે છે. તેમજ સર્કલ ઓફિસર દર્શન ચૌધરી ગ્રામ્ય વિભાગ દ્વારા નોંધ નં.૨ જોયા તથા તપાસીયા પછી રેવન્યુ રેકર્ડ ગામ નમુના ૬ હકક પત્રકમાં તારીખો સાથે ચેડા કર્યાની જે તા.૧/૧/૧૯૫૭ હોવા છતાં તા.૧૨/૩/૧૯૫૭ કરી ગોધરા જીલ્લા કલેકટર પંચમહાલના અધિકારીઓ, કર્મચારીઓ દાન વાળી મિલ્કતો રફેદફે કરી નાખેલ છે. આમ, લઘુમતી કોમના ઈસમો દ્વારા રામજી મંદિરોની સોનાના લગડી જેવી જમીનો મોટા પ્રમાણમાં વેચી દીધેલ છે. તેમજ મોટા પ્રમાણની જમીનો પણ લઘુમતી ઈસમો પાસે હાલ પણ રામજી મંદિર આવેલી છે. તેમજ નોંધ નંબર-૨ રામજી મંદિરોની જમીનોની ઓનલાઈન આજદિન સુધી મુકવામાં આવેલ નથી. ફકત ને ફકત જાહેર માહિતી અધિકાર તત્કાલીન કુંભાણી દ્વારા પુરી પાડવામાં આવેલ છે. નોંધ નંબર-૨ કોઈ ફેરફાર કે રેવન્યુ રૂલ્શ મુજબ તબદીલી કર્તા દર્શાવવામાં આવતી નથી.

રામજી મંદિરની તમામની તમામ નોંધો નં.(૧) ચિખોદ્રા તલાટી (૨) ગ્રામ્ય ઈ-ધરા નાયબ મામલતદાર (૩) મુખ્ય ગ્રામ્ય વિભાગ મામલતદારની વહીવટી નાટે રેકર્ડ રૂલ્શ મુજબની તમામના તમામ રામજી મંદિરોના સર્વે નંબરોની નોંધો ઓનલાઈન મુકવામાં આવેલ નથી અને કેટલી નોંધો સુધારા હુકમોના આધારે કાઢી નાખવામાં આવેલ છે. આ તમામ રામજી મંદિરની જમીનો કોના કોના પાસે કેટલી આવેલી છે. જે જીલ્લા કલેકટર પંચમહાલ ગોધરા યોગ્ય ટીમ નીમી રામજી મંદિરની ધાર્મીક જમીનો બચાવશે કે કેમ તેવી હિન્દુ સમાજની માંગો છે. જેથી દાન આપવાના બદલે દાન લેવા વાળા લઘુમતી કોમના ઈસમો તથા હિંદુ કોમના કર્મચારીઓ, અધિકારીઓ પંચમહાલ જીલ્લા ગોધરાના નાગરિકો છે. આમ, તમામ મિલ્કતો અવલોકન વગરની હોય જેથી શરતભંગ બદલની કાર્યવાહી કરી કરાવી મુળ રામજી મંદિરના વહીવટદારોના નામો દાખલ કરતા હુકમો કરશો. આ નોંધ નંબર-૨ મોજે ચિખોદ્રાની જમીનો એકર ૧૨-૨૧-ગુંઠા-૧૫ વાળીમાં તારીખોના ફેરફાર બોકસમાં જણાય છે. જે તા.૧/૧/૧૯૫૭ અસલ છે. અને પછી થી તા.૧૨/૩/૧૯૫૭ ફેરફાર નજરે દેખાય છે.

## શહેરા નગર હાઈવે માર્ગને અડીને પસાર થતી પાનમ પાણીની લાઈનમાં ભંગાણ સર્જાતા હજારો લીટર પાણીનો વેડફાટ

શહેરા,

શહેરા નગરમાંથી પસાર થતા હાઈવે માર્ગ અડીને અનેક જગ્યાએ પાનમની પીવાના પાણીની મુખ્ય પાઈપલાઈન લીકેજ હોવાથી હજારો લિટર પાણીનો બગાડ થઈ રહ્યો છે. રિલાયન્સ પેટ્રોલ પંપ થી લઈને બસ સ્ટેશન સહિત અનેક જગ્યાએ પીવાના પાણીની લાઈન લીકેજ હોવાની માહિતી પાણી પુરવઠા પાસે હોવા છંતા મરામત કરવામાં શુભ મૂહુર્ત ની રાહ દેખી રહયા હોય તેવું તો નથી.



તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા-લુણાવાડા હાઈવે માર્ગ ઉપર રિલાયન્સ પેટ્રોલ પંપ પાસે પાછલા કેટલાક દિવસોથી પાનમની મુખ્ય પાઈપલાઈન લીકેજ હોવા છતાં પાણી પુરવઠા વિભાગ દ્વારા આ બાબતને કોઈ જ ગંભીરતા લેવામાં નહીં આવતા હજારો લિટર પાણીનો વેડફાટ થતો જોવા મળી રહ્યો છે. એક તરફ નગર વિસ્તારમાં નિયમિત પીવાનું પાણી નગરજોને ને મળતું નથી. જયારે બીજી તરફ પાનમ જળાશયમાં પાણીનો જથ્થો ૪૦% ની આસપાસ હોવાથી પીવાના પાણીની વિકટ સમસ્યા આવનાર દિવસોમાં સર્જાય તેવી પરિસ્થિતિ હોવા છતાં સંબંધિત તંત્ર દ્વારા આ બાબતને કોઈજ ગંભીરતા લેવામાં આવી રહી નથી. પાનમની મુખ્ય પાઈપ લાઈન અનેક જગ્યાએ લીકેજ હોય તેના કારણે પાણીનો બગાડ થતો હોય ત્યારે જિલ્લા કલેકટર દ્વારા આ બાબતને ધ્યાનમાં લઈને તાત્કાલિક પાનમની મુખ્ય પીવાના પાણીની લીકેજ પાઈપ લાઈન ની મરામત કરવા આદેશ કરે જેથી પાણી બગાડ થતો અટકી શકે તેમ છે.

